# શૈશવના ઓશીકે બાળકાવ્યો | નટવર પટેલ

[**શૈશવનું ઓશીકું :** વિનોદ જાની, પ્રકા. લેખક પોતે, પ્ર.આ. ૨૦૦૩, પૃ. ૬૪, કિં. રૂ. ૬૪/-]

આ સંગ્રહમાં કવિએ ૫૧ બાલભોગ્ય ગેય રચનાઓ આપી છે. એમાં કેટલીક શાળાજીવનની રોજિંદી પ્રવૃત્તિઓ વિશે છે, કેટલીક પ્રકૃતિ વિશે તો કેટલીક પશુપંખી વિશેની છે.

કવિ વિનોદભાઈ હાડે શિક્ષક છે. આ રચનાઓનો વ્યાપ ૧૯૫૪થી ૨૦૦૩ સુધીનો છે. વળી આ સંગ્રહ કવિનો પ્રથમ બાલકાવ્યસંગ્રહ છે તેથી કેટલીક રચનાઓમાં પ્રાસ તૂટે છે. અગાઉનાં વરસોમાં થયેલી રચનાઓ, તે પછી રચાયેલી રચનાઓ કરતાં થોડી નબળી જણાય એ સહજ છે. બાળગીતોમાં પ્રાસતત્ત્વ એના આસ્વાદમાં ઉપકારક બની રહે છે. અહીં મોટા ભાગની રચનાઓમાં પ્રાસ જળવાય છે. આ જુઓ :

**'ઘરમાં બેઠેલા સૌ સર્વે**
**હસી પડ્યા તત્કાલ**
**નિર્ણય લીધો નહીં બેસવા**
**ઘોડા પર કોઈ હાલ.'** (પૃ. ૪૦)

**સાઇકલ મારી ત્રણ પૈડાંની**
**બીક નહીં એમાં પડવાની.** (પૃ. ૩૬)

તો વળી ક્યાંક પ્રાસરચના ખટકે પણ છે. આ જુઓ :

**કરે સતામણી સૌ ધીમે ધીમે**
**સામનો સાંઢભાઈ જુઓ કરે.** (પૃ. ૨૫)

**શાને ઊઠે તું વહેલી પરોઢમાં ?**
**એવો તે બોજ કયો તારા તે કામમાં ?** (પૃ. ૨૭)

પોપટ વિશેની કેટલીક બાળરચનાઓમાં કોણ જાણે કેમ 'પોપટ તો પાંજરામાં જ શોભે' એવો ખ્યાલ ઘણા કવિઓના મનમાં ક્યાંથી ભરાઈ બેઠો હશે ? પાંજરામાં પુરાયેલો પોપટ કઈ રીતે મીઠાંમીઠાં ગીતો ગાઈ શકે ? આવી કલ્પના યોગ્ય છે ખરી ? પોપટ બંધનમાં સારી રીતે ગાય કે ઝાડની ડાળીએ બેસીને સ્વતંત્ર રીતે ગાય ? અહીં વિનોદભાઈએ પણ પોપટ વિશે 'પોપટ મારો પિંજરમાં મીઠાં ગીત ગાય' એવી રચના આપી છે. બાળવાચકો માટે આવી રચના યોગ્ય ન કહી શકાય.

વળી, અહીં કેટલીક રચનાઓ માત્ર વર્ણનાત્મક જ બની રહે છે. પતંગિયું, ગાવલડી, નદી, મેળો, ચકલી, ઢીંગલી, ચાંદામામા, પારેવડું વગેરે આવી રચનાઓ છે. બાળકોને ચમત્કૃતિ અને કલ્પનોડ્ડયન ગમે છે, કેવળ વર્ણન ન ગમે. તો વળી કેટલીક રચનાઓમાં પૌરાણિક કથાવસ્તુ અને અંધશ્રદ્ધાને પોષે એવી હકીકતો પણ વણી લેવાઈ છે. 'ગાવલડી' કાવ્યની આ પંક્તિઓ જુઓ :

**'તેત્રીસ કોટિ દેવ વસ્યા છે અંગમાં**
**ગોપાલે રાખી હશે એથી જ સંગમાં.'** (પૃ. ૨૩)

કેટલીક પંક્તિઓમાં અઘરા શબ્દો અને અઘરા સંદર્ભો હોવાથી તે પંક્તિઓ બાલભોગ્ય રહેતી નથી. 'ગાંધી' વિશેની કવિતામાં આ પંક્તિઓ જુઓ :

**ઉત્કલ પ્રાંતની જોઈ ગરીબાઈ**
**કચ્છના સેવનાર કેવા હતા ?** (પૃ. ૧૦)

'ચાંદલો' કાવ્યની આ પંક્તિમાં 'અબ્ધિ' શબ્દ પણ બાળવાચકને સમજવો અઘરો પડે તેવો છે.

**'શિવકેરા શિરે શોભતો ચાંદલો,**
**અબ્ધિએ ભરતી કરંતો ચાંદલો.'** (પૃ. ૫)

અહીં 'કરંતો'ને સ્થાને 'કરતો' શબ્દ પણ ચાલી શકે તેમ છે. 'મારો વિદ્યાર્થી' કાવ્યમાં આ પંક્તિઓ શું કહેવા માગે છે તે સમજાય એવું નથી.

**'કરવા ઉજ્જ્વળ શાળાને**
**ઘસડી લાવે આબાદીને.'** (પૃ. ૧૧)

અહીં વિદ્યાર્થી કઈ આબાદી ઘસડી લાવે છે ? અસ્પષ્ટ બાબત છે. દરેક કવિતાને મથાળે અડધાં પેજ જેટલાં ચિત્રો મુકાયાં છે, જે બાળકોને ગમે તેવાં છે. જોકે ચિત્રો બહુ સારાં ન કહી શકાય તેવા મધ્યમ પ્રકારનાં છે. વાર્તા આધારિત 'મિત્રાચારી' કાવ્ય સારું બન્યું છે. આવી રચનાઓ વધુ બાલભોગ્ય બની રહે છે. કથાકાવ્યો બાળવાચકોને વધારે ગમતાં હોય છે.

વિનોદભાઈની પાસે બાલકાવ્યો રચવાની હથોટી છે. બાલભોગ્ય વિષયો તેમને સૂઝે છે. આ દિશામાં તેઓ પ્રવૃત્ત છે જ તેથી ભવિષ્યમાં આ કરતાંય ઉત્તમ રચનાઓ બાળકોને આપશે એવી આશા આ સંગ્રહ જન્માવે છે.

r